ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

# ૧૬ વર્ષની દીકરીએ જ માતા-પિતાની હત્યા કરી હતી

## મહિના પહેલા રાયસણમાં ખોરાક લીધા બાદ માતા-પિતા અને પુત્રને ઝેરની અસર થયાની ઘટના બની હતી : જેમાં માતા-પિતા મોતને ભેટયા હતાઃ રાત્રે દીકરી એ જ રીંગણ-બટાકાના શાકમાં ઝેરી પાવડર ભેળવી દીધો હતો અને પોતે બટાકા પૌવા ખાઈ લીધા હતા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકના રાયસણ ગામમાં એક મહિના અગાઉ ચોકાવનારી ઘટના બની હતી. પરિવારના ચાર સભ્યો પૈકી માતા પિતા અને પુત્રને રાત્રે ભોજન લીધા બાદ અચાનક ઝેરની અસર થઈ ગઈ હતી જેમાં માતા અને પિતાનું કરૂણ મૃત્યુ નિપજયુ હતુ. જયારે ભાઈને આઈસીયુમાં દાખલ કરવો પડયો હતો અને માંડ મોતના મોંમાંથી બહાર આવ્યો હતો. આ પ્રકરણમાં પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ૧૬ વર્ષની દીકરી એ જ તે રાત્રે રીંગણ બટાકાના શાકમાં ઝેરી પાવડર ભેળવી દઈ આ ખૂની ખેલ ખેલ્યો હતો. માતા-પિતા તેણીના ચારિત્ર્ય ઉપર શંકા કુશંકા રાખી બહારની અવર-જવર પર બંધન રાખતા હોવાથી તેણીએ શાકમાં ઝેર ભેળવી ખેલ ખતમ કરવાનો નિર્ણય લઈ આ કાંડ કર્યો હોવાનો સનસનીખેજ ખુલાસો થવા પામ્યો છે.

ગાંધીનગર નજીક આવેલા રાયસણ ગામની સીમમાં સામાન્ય ઝુંપડું બાંધીને એક શ્રમિક પરિવાર રહેતું હતું. પિતા બાજુની એક કોમર્શિયલ બિલ્ડીંગમાં ચોકીદાર તરીકે નોકરી કરતા હતા. જ્યારે માતા પારકા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદ કરતા હતા. તેમને સંતાનમાં એક દીકરી અને એક દીકરો હતા. દીકરી અંદાજે ૧૬ વર્ષની અને દીકરો મોટો હતો. એક મહિના પહેલા ૩૧ મેના રોજ રાત્રે તેઓ જમી પરવારીને સુઈ ગયા હતા દરમિયાન અચાનક મોડી રાત્રે માતા પિતા અને પુત્ર ત્રણેયનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ ત્યાં સુધીમાં માતા અને પિતા બંનેનું મોઢામાંથી ફીણ





નીકળી જઈને મોત નિપજયુ હતુ. તો બીજી તરફ પુત્ર ગંભીર હાલતમાં આઈસીયુમાં સારવાર હેઠળ દાખલ હતો. ઘટનાની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. પ્રથમથી જ શંકા ઉપજાવે તેવી આ ઘટના અંગે તપાસ શરૂ કરી તો ૧૬ વર્ષની દીકરીને કેમ કાંઈ થયું નહીં તે પ્રશ્ન પર પોલીસ અડીને રહી હતી. ત્યારે જાણવા મળ્યું કે તે દીકરીએ સાંજે જમી લીધું હતુ અને તેણે બટાકા પૌવા ખાધા હતા જ્યારે અન્ય ત્રણ સભ્યોએ એટલે કે જેને ઝેરની અસર થઈ તે ત્રણેયે રીંગણ બટાકાનું શાક અને રોટલો ખાધો હતો. મોતને ભેટેલા માતા-પિતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરવામાં આવી ત્યારે પ્રાથમિક તબીબી પરીક્ષણમાં બહાર આવ્યો હતો કે ઝેરની અસરથી તેમના મૃત્યુ થયા છે. પોલીસે સ્થળ પર જઈ જે થાળીમાં ત્રણે જમ્યા હતા તે થાળી અને જેમાં શાક બન્યું હતું તે શાકની તપેલી નું ફોરેન્સિક પરિક્ષણ કરવા માગી ત્યારે ૧૬ વર્ષની દીકરીએ કહ્યું કે વાસણો તો મેં રાત્રે ધોઈ નાખ્યા હતા. દીકરી ઘટનાના દિવસથી જ પોલીસને ગુમરાહ કરી રહી હતી ત્યારે ઝેરની અસરથી બેભાન થયેલો ભાઈ ભાનમાં આવ્યો ત્યારે તેનું નિવેદન લેવાયુ ત્યારે દીકરી ઉપર વધુ શંકા પ્રબળ બની હતી. ક્રોસ ઈન્ટ્રોગેશન શરૂ થતા સોળ વર્ષની દીકરીએ સનસની ખુલાસો કર્યો હતો કે તે દિવસે સાંજે રીંગણ બટાકાના શાકમાં તેણે જ જ્યારે પાઉડર ભેળવી નાખ્યો હતો. તેણે પોલીસને કહ્યું કે તેના માતા-પિતા જ ચારિત્ર્ય અંગે શંકા કુશંકા રાખી તેને બંધનમાં રાખતા હતા અને અવરજવર ઉપર ખાસ નજર રાખી ક્યારેક મારઝૂડ પણ કરતા હતા તેથી કંટાળીને મનમાં લાગી આવતા તેણે રાત્રે રીંગણા બટાકાના શાકમાં ઝેરી પાવડર ભેળવી દઈ આ કાવતરૂ કર્યુ હતુ. અગાઉ તેણીએ બાજુમાં રહેતા અને ખેતી કરતા પડોશીને પૂછ્યું હતું કે તેમના ઘરમાં પાક ઉપર છાંટવાની જંતુનાશક દવા પડી છે? આ ખરાઈ કર્યા બાદ ચોરીછૂપીથી તેમના ઘરમાંથી આ દવાનું પડીકું લઈ આવી ૩૧ મેની સાંજે પોતાના ઘરમાં બનેલા રીંગણ બટાકાના શાકમાં આ ઝેરી પાઉડર ભેળવી દઈ ૧૬ વર્ષની દીકરીએ ગુનાને અંજામ આપ્યો હતો. ત્યાર બાદ તેણી એ આ તમામ પુરાવાઓનો નાશ પણ કરી નાખ્યો હતો. ઈન્ફોસિટી પોલીસે પોતાના જ માતા-પિતાની હત્યા અને ભાઈને હત્યાના કાવતરાના ગુનામાં તથા પુરાવાનો નાશ કરવાના ગુનામાં તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલમાં બેદરકારી



ગાંધીનગર, તા.૨૮

મેડીકલ વેસ્ટ આરોગ્યની દષ્ટિએ અત્યંત જોખમી અને ઘાતક હોવાથી તેનો યોગ્ય રીતે નિકાલ કરવો ખુબ આવશ્કયક છે. જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટનો કઈ રીતે નિકાલ કરવો તે અંગે મોટા મોટા બોર્ડ લગાવવામાં આવ્યા છે તેમ છતા તેનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય રીતે નિકાલ નહી કરવાને કારણે ગાંધીનગર સિવિલમાં જ ચેપ ફેલાવવાની અને રોગચાળો થવાની સંભાવનાઓ રહેલી છે. ત્યારે તંત્ર દ્વારા બાયો મેડીકલ વેસ્ટના નિકાલમાં ભારે છીંડા હોવાનું નજરે પડી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં રોજનો સેંકડો કિલોગ્રામ બાયોમેડીકલ વેસ્ટ ઉત્પન્ન થાય છે. બાયો મેડીકલ વેસ્ટ માટે તંત્ર દ્વારા એજન્સીને કામ સોંપાયું છે જે બાયો મેડીકલ વેસ્ટ લઈ જાય છે અને યોગ્ય જગ્યાએ તેનો નિકાલ પણ કરે છે. પરંતુ સિવિલના વોર્ડમાંથી બાયો મેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવતો નહી હોવાના કારણે દર્દીને ચડાવાતી બોટલો નજરે પડી રહી છે. હોસ્પિટલમાં ઉપયોગમાં લેવામાં આવતી પ્લાસ્ટીકની બોટલ અને ઈન્જેકશનની સીરીંજનો ફરીવાર ઉપયોગ થવાની શકયતાઓ રહેલી છે. જે આરોગ્ય અને પર્યાવરણની દષ્ટિએ પણ ખુબ બિન આરોગ્યપ્રદ છે. જેને પગલે સરકાર દ્વારા બાયો મેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે કાયદો બનાવાયો છે. આ કાયદાને અનુસાર કલર કોડ પ્રમાણે નીડલ, પ્લાસ્ટિકની બોટલ, ઈન્જેકશનની સીરીંજના ટુકડા કર્યા બાદ તેનો બાયોમેડીકલ વેસ્ટ તરીકે નિકાલ કરવો પડે છે. તાજેતરમાં સિવિલમાં બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ થતો નથી તેવો પ્રશ્ન ઉઠ્યો હતો. ત્યારબાદ તંત્ર સજાગ બની ગયું હતું અને બાયોમેડીકલ વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરતા હતા. નિયમ મુજબ ઈન્જેકશન અને બોટલોને તોડીને જે તે વેસ્ટને કલર કોડ પ્રમાણે નાંખવામાં આવે છે. પણ વ્યસ્તતા અને કામગીરીના ભારણ વચ્ચે આ પ્રકારના નિયમોનું પાલન થઈ શકતુ નથી અને બાયો મેડીકલ વેસ્ટનો સીધો જ નિકાલ કરવામાં આવે છે.પરંતુ ગણતરીના મહિનાઓમાં જ સિવિલની પરિસ્થિતિ જૈસે થે તેવી જોવા મળી છે. ત્યારે બાયો મેડીકલ વેસ્ટના નિકાલમાં છાશવારે જોવા મળતી ગંભીર બેદરકારીને તંત્ર દ્વારા કેવી રીતે જોવામાં આવે છે તે જોવું રહ્યું.

# નકલી હીરા વેચવાના કાંડમાં ગાંધીનગરનો શખ્સ ઝડપાયો

## અમદાવાદના વેપારીને હીરા વેચીને ગાડીમાં રવાના થયેલા બંટી-બબલીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૩૦ લાખની રોકડ રકમ સાથે ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદના વેપારીઓને ખોટા હીરા આપીને રૂપિયા પડાવતી ગેંગ સક્રિય થઈ હતી. આ બંટી-બબલીની ગેંગને અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ન્યુ સીજી રોડ ઓએનજીસી સર્કલ પાસેથી દબોચી લીધી છે. એક મહિલા સહિત પકડાયેલા બંને શખ્સો પૈકી મુકેશ ભાટી નામનો શખ્સ ગાંધીનગર શહેરના સેકટર-૨૫ ખાતે સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતો હોવાનું બહાર આવ્યું છે. ક્રાઈમબ્રાન્ચે તે બન્ને શખ્સોને ૩૦ લાખ રોકડ સાથે ધરપકડ કરી સઘન પૂછતાછ શરૂ કરી છે.

અમદાવાદ શહેર વિસ્તારના વેપારીઓને ટાર્ગેટ કરીને ખોટા હીરા આપી લાખો રૂપિયા પડાવતી બન્ટી બબલીની ગેંગ સક્રિય થઈ હતી. આ ગેંગને પકડવા માટે અમદાવાદ પોલીસ કમિશનરની સૂચનાને આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની



ટીમો સક્રિય થઈ હતી. દરમિયાન ગઈકાલે મોડી સાંજે ચોક્કસ બાતમીને આધારે આ બંટી-બબલીને સ્વીફ્ટ ડિઝાયર ગાડી લઈને જતા ન્યુ સી.જી રોડ ઓએનજીસી સર્કલ પાસેથી પકડી પાડ્યા હતા. બાયડ તાલુકાના લાખેરી ગામમાં રહેતા રાધાબેન બાબુભાઈ સલાટ (મારવાડી) અને ગાંધીનગર શહેરના સેકટર-૨૫ ખાતે સૂર્યનારાયણ સોસાયટીમાં મકાન નંબર-૩૩માં રહેતા મુકેશ ઉકાજી ભાટી (મારવાડી) નામના બંને શખ્સોની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૩૦ લાખની રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. તેમની પાસેથી મળી આવેલા રૂપિયા ૩૦ લાખ અંગે પૂછપરછ કરતા બહાર આવ્યું હતું કે અમદાવાદના વેપારીને તેમના સાગરીતોએ બે અસલી હીરા બતાવ્યા હતા અને આ હીરાની ડિલ કરવા તેમને દાસ્તાન સર્કલ ખાતે બોલાવ્યા બાદ નકલી હીરા આપી આ રૂપિયા ૩૦ લાખ મેળવી લીધા હોવાની કબૂલાત કરી હતી. નરોડા પોલીસ સ્ટેશનમાં આ મામલે છેતરપિંડીનો ગુનો પણ દાખલ થયેલો છે. બંને આરોપીઓની ધરપકડ કરીને રૂ. ૩૦ લાખ રિકવર કરી ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને નરોડા પોલીસ સ્ટેશન સોંપવા કાર્યવાહી હાથ ધરી છે.

# સમસ્ત જણસારી સમાજ દ્વારા વિના મૂલ્યે ચોપડા વિતરણ

ગાંધીનગર, તા.૨૮

સમસ્ત જણસારી સમાજની બેઠક તા.૧-૭-૨૦૧૮ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે જુના સચિવાલય કેન્ટીન પાસે યોજવામાં આવી છે. સમસ્ત જણસારી જનક્ષત્રિય સમાજ દ્વારા ધો-૧ થી૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવશે.

સમસ્ત જણસારી સમાજના મંત્રી મહેન્દ્ર ચૌહાણે જણાવ્યું છે કે, જ્ઞાતિજનોએ સંસ્થાના સભ્ય બની નામ, સરનામા, ટકાવારી સાથે માર્કશીટ સંસ્થાના હોદ્દેદારો પ્રમુખ રમેશ ચૌહાણ, મંત્રી મહેન્દ્ર ચૌહાણ, ઉપપ્રમુખ ગુણવંત ચૌહાણ, સહમંત્રી કાંતિભાઈ પરમાર, સહમંત્રી રાજેશ પરમાર, ખજાનચી પ્રહલાદ ચૌહાણ, સહખજાનચી રાજેન્દ્ર પરમાર પાસે કલેકશન સેન્ટર અનિલ વોચ કં., સિલેકશન ટેલર્સની બાજુમાં, સેકટર-૨૪ અને ચાવડા ફૂટવેર, મીના બજાર-જૂના સચિવાલય ખાતે તા. ૧-૭-૨૦૧૮થી તા. ૧૦-૭-૨૦૧૮ સુધીમાં સત્વરે મોકલી આપવા તથા રવિવારે તા. ૧ જુલાઈએ યોજાનારી મીટીંગમાં સૌ જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત, સંસ્થાને સમાજના વિકાસ માટે દાનભેટ આપવા માટે પણ મંત્રી દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

● શહેરના સેકટર-૬માં નવા બનેલા કોમ્પ્લેક્ષ સ્થિત જલિયાણ જવેલર્સ શૉ રૂમના ચાલી રહેલા નિર્માણ કાર્યને પગલે બપોરના સમયે અવાજ વધુ આવતો હોવાથી ફરિયાદ સાથે પડોશીએ માથાકૂટ કરી હતી. આ માથાકૂટ વધી જતા છેવટે પોલીસને બોલાવાની નોબત આવી હતી.

● કલોલના ચકચારી મર્ડર કેસના ૬ આરોપીઓને ચાંપતા બંદોબસ્ત સાથે આજે કોર્ટમાં રજૂ કરયા હતા. જેમને ૧૧ દિવસના રીમાન્ડ અદાલતે મંજૂર રાખ્યા છે. આ કેસમાં હજુ એક આરોપી ફરાર છે જેને ઝડપી લેવા પોલીસ સઘન તપાસ ચલાવી રહી છે.

## ચિલોડાનું બાબા બર્ફાની ગૃપ છઠ્ઠીવાર અમરનાથ યાત્રાએ

ચિલોડા ગામના બાબા બર્ફાની ગૃપના ૧૪ સભ્યો શુક્રવારના રોજ અમરનાથ યાત્રાએ નીકળીને બુધવારના રોજ જમ્મુ પહોંચ્યા છે. સતત છઠ્ઠી વખત અમરનાથ યાત્રા કરી રહેલા આ ગૃપના સંયોજક જાની ભાઈએ જણાવ્યું હતું કે અમો ગામના ૧૪



સભ્યો જેમાં જીવાભાઈ, સજનબેન, અમૃતભાઈ, શારદાબેન, ફાલ્ગુનીબેન, પર્વતારોહક હેત જાની, મનુજી, ડિમ્પલબેન, જીતેન્દ્રભાઈ, હેતલબેન, મંદિરના પૂજારી માતાજી, ચિત્રાબેન અને મધુમતીબેન સૌ ભોલેનાથની જયજયકાર કરી અતુટ શ્રધ્ધાથી દર વર્ષે બાબા અમરનાથના દર્શને જઈએ છીએ. તેઓ આત્મવિશ્વાસ અને ભોલેનાથની કૃપા અંગે કહે છે કે, 'પત્થર, ગ્રેનેડ યો ગોલીયાં, હમ કભી ભી નહિ છોડેંગે બાબાકી કલાઈઆં'. ભારે ઉત્સાહ અને બાબાના દર્શનની ઉત્સુકતા સાથે શુક્રવારના રોજ બાબા અમરનાથના દર્શનનો લાભ તેઓ મેળવશે. ચિલોડાનું આ ગૃપ દર વર્ષે અમરનાથ યાત્રા કરી પંથકમાં ધાર્મિકતાનો માહોલ ઉભો કરે છે જે લોકોમાં આવકારદાયક બન્યો છે.



ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત મુકિતધામ ખાતે આજે ડભોડા પોલીસ સ્ટેશન દ્વારા એક પુરુષ અને એક મહિલાની બિનવારસી લાશ અંતિમક્રિયા માટે લવાઈ હતી. આ બંને લાશની શાસ્ત્રોકત વિધિ અનુસાર અંતિમક્રિયા મુકિતાધામના કર્મચારીઓ વિક્રમ પુરબિયા, પ્રકાશ પરમાર તથા કિરણસિંહ દ્વારા જીલુભા ધાંધલ તેમજ પોલીસ સ્ટાફની હાજરીમાં સંપન્ન કરાઈ હતી.

# નિવૃત્ત આઈએએસ પ્રદીપ શર્માના બંગલામાં ઘરફોડ ચોરી

## સેક્ટર-૧ના બંગલામાં તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળુ તોડી તિજોરીઓ સાફ કરી નાખી

ગાંધીનગર, તા.૨૮

છેલ્લા એક અઠવાડિયાથી તસ્કરોએ પાટનગરને રીતસરનું ઘમરોળી નાખ્યું છે ત્યારે તસ્કરો સામે પોલીસ લાચાર બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. હવે, વર્ષોથી રાજ્યમાં ચર્ચામાં રહેલા નિવૃત આઈએએસ પ્રદીપ શર્માના સે.૧ ખાતે આવેલા બંગલાને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. આ ઘરફોડ મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે જોકે અંદરથી કેટલી માલમત્તાની ચોરી થઈ તે બાબત હજુ સ્પષ્ટ થઈ શકી નથી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર ૧/સી પ્લોટ નંબર ૪૬૫ એ-૨ ખાતે આવેલા નિવૃત આઈ.એ.એસ પ્રદીપ શર્માના બંગલાને તસ્કરોએ ટાર્ગેટ કરી અંદરથી જે હાથમાં આવ્યું તે ઉઠાવી રફુચક્કર થઈ ગયા હોવાનુ ધ્યાને આવ્યું છે. પ્રદીપ શર્માના આ બંગલાની દેખરેખ વર્ષોથી રામજીભાઈ કાળુભાઈ મુંઝવા રાખે છે. ૨૬મી જૂને રાત્રે ૧૧ વાગ્યે તેઓ આ બંગલાને તાળુ મારીને પોતાના ઘરે જઈને તેઓ સૂઈ ગયા હતા. સવારે ઊઠીને બંગલા તરફ ગયા તો જોયું કે બંગલાના મુખ્ય દરવાજાનું તાળુ તૂટેલી હાલતમાં પડયું હતું. રામજીભાઈ એ તાત્કાલિક મકાનમાં કામ કરતાં અન્ય કર્મચારીઓ અને અમદાવાદ ખાતે રહેતા પ્રદીપ શર્માના બેન નિલમબેનને આ મામલે જાણ કરી હતી. મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર ઘૂસીને તમામ રૂમના કબાટો અને તિજોરીઓ તસ્કરોએ ફેંદી નાખ્યા હતા અને બધો માલ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. બંગલામાંથી શું ગયું છે તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ શકી નથી. પ્રદીપ શર્માના આવ્યા બાદ આ બંગલામાંથી કેટલી માલમત્તાની ચોરી થઈ છે તે બાબત બહાર આવશે. ઘટના સંદર્ભે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

છેલ્લા અઠવાડિયામાં શહેરમાં થયેલી ઘરફોડની સંખ્યા જોતા સ્થાનિક પોલીસ હવે રહીશોની સલામતી માટે નકકર પગલા ભરે તેવી માંગણી વસાહતીઓ કરી રહ્યા છે.

# લીંબડીયા નર્મદા કેનાલમાંથી અમદાવાદના ૬૦ વર્ષીય વૃદ્ધનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૮

ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં અમદાવાદ સરસપુર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કેનાલ સિક્યુરિટી ગાર્ડે મૃતદેહ બહાર નીકળી ડભોડા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

કેનાલ સિક્યુરિટી ગાર્ડ પ્રવીણ ઠાકોર આજે બપોરના અરસામાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન લીંબડીયા નર્મદા કેનાલમાં તરતા એક મૃતદેહ ઉપર તેમનું ધ્યાન પડયું હતું. કેનાલમાં તરતા મૃતદેહ અંગે ડભોડા પોલીસને જાણ કરીને મૃતદેહ બહાર નીકળવા પ્રયત્નો શરૂ કર્યા હતા. કેનાલના પાણીમાંથી મૃતદેહ બહાર નીકળી પોલીસને સોંપતા ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટના અંગે ઉંડી તપાસ શરૂ કરી છે. તપાસ કરતા આ મૃતદેહ અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલી રમણલાલ ડાહ્યાલાલની ચાલીમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ હસમુખભાઈ અમૃતભાઈ પરમારનો હોવાનું બહાર આવ્યું છે. કોઈ અગમ્ય કારણોસર વૃધ્ધ હસમુખભાઈ પરમાર ઘરેથી ચાલ્યા ગયા હતા અને તેમનો આજે બપોરે મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. વૃદ્ધે કયા કારણોસર કેનાલમાં ઝંપલાવીને આપઘાત કર્યો તે અંગે ડભોડા પોલીસ મથકના જમાદાર વિપુલ સિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# સ્કૂલવાન ચાલકોને માર્ગ સલામતીના પાઠ ભણાવાયા



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં શાળા સલામતી સપ્તાહ ઉજવાઈ રહ્યું છે. આ અંતર્ગત વિવિધ શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અને માર્ગ સલામતી તથા આકસ્મિક આપત્તિ સમયે બચાવ અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શહેરમાં પ્રથમવાર બાળકોને શાળાએ લેવા મુકવા જવાની સેવા આપતી સ્કૂલવાન તથા સ્કૂલ રીક્ષા ચાલકો માટ ટ્રાફિક અવેરનેસનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

શાળા સલામતી સપ્તાહ અંતર્ગત સ્કૂલવાન ચાલકો માર્ગ સલામતી અંગે જાગૃત થાય અને ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે વાનચાલકોને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિડીયો દ્વારા જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સેકટર-૨૩ના કડી કેમ્પસમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ટ્રાફીક પોલીસના પી.આઈ. બી.જે. વ્યાસ દ્વારા સમગ્ર કાર્યક્રમનુ સંકલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલવાન ચાલકોને ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરવા સાથે તેમને તેનું પાલન કરવા પ્રેરિત કરાયા હતા. સ્કૂલવાન ચાલકોએ આ કાર્યક્રમના અંતમાં પૂછેલા પ્રશ્નોના પણ સંતોષકારક ઉત્તર આપવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. દાતણીયા રમેશભાઈ ભૂદરભાઈ, ઉ.વ. ૭૨
- સ્વ. પટેલ સતીષભાઈ બાબુભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. વાઘેલા કલ્પનાબેન શીવાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર શાંતાબેન શકરાજી, ઉ.વ. ૮૦